# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** દિપકકુમાર વી. રાવલ, માનદ સામાન્ય મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા નો તા.૨૦.૦૮.૨૦૧૫નો પત્ર

**અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી માટે યથા શકિત ફાળો આપવા બાબત...**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળના ઉકત વંચાણે લીધેલ પત્રમાં જણાવેલ વિગત મુજબ અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી તારીખ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ ના દિને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નકકી કરેલ છે. (નકલ સામેલ છે)

અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી માટે તથા સદર સંસ્થાના વિકાસ અને કલ્યાણ માટે યથા શકિત ફાળાની રકમ આપની કચેરી તરફથી એકત્ર કરી તા.૧૦.૦૯.૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે. જેથી સદર સંસ્થાના વિકલાંગો અને પ્રજ્ઞાચક્ષુઓની જીંદગીને આપની અનમોલ ભેટથી સુવાસિત બનાવી શકાય.

આ પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર બહાર પાડવામાં આવેલ છે.

**ઈ/ચા.કુલસચિવ**

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ભેટ/ ૬૪૩૭૭-૪૨૬ /૨૦૧૫.**

**નવસારી. તારીખ : ૦૭/૦૯/૨૦૧૫.**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ જણા તથા યથા શકિત ફાળો આપવા સારૂ.

**<u>નકલ રવાનાઃ–</u>**

મધુભાઈ યુ. કથીરીયા, પ્રમુખશ્રી, અને દિપક કુમાર વી. રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા, એલ–જી–૯, પેરેડાઈઝ ટાવર, પૂજન સર્જીકલની બાજુમાં, સ્ટેશન રોડ, નવસારી– ૩૯૬ ૪૪૫ તરફ જાણ સારૂ.

Inward NAB/ Nvs.-Dist. Br.
General Secretary
National Association for Blind
Navsari-Dist. Branch
Dt. ............

# NATIONAL ASSOCIATION FOR THE BLIND


NAVSARI - DISTRICT BRANCH

L.G.-9, Paradise Tower, Near Pujan Surgical Co., Station Road, Navsari - 396 445.
Tel. : (O) (02637) 250025, 240005 (Fax) : 250025 Mob. : 98251 50501


Date : 20/8/15

પ્રતિશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
નવસારી

**વિષય :— તા. ૧૪ મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના દિને અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી બાબત.**

માનનીય સાહેબશ્રી,

સવિનય સાથ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે આગામી અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી તારીખ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ના દિને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નકકી કરેલ છે. નવસારી જિલ્લામાં તા. ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૩ ના દિનથી રાષ્ટ્રીય અંધજન મંડળ નવસારી જિલ્લા શાખા કાર્યરત છે. જેની રાજય શાખા તરફથી અમારા જિલ્લા શાખાને અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી કરવાની સત્તા આપેલ છે. તો આપ સાહેબને નમ્ર વિનંતી કે ઉપરોક્ત ઉજવણી બાબતે આપની તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓને પરિપત્ર પાઠવશો. અને એકત્રિત થયેલ ફાળો રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જિલ્લા શાખાને તા. ૧૫ મી ઓકટોબર સુધીમાં મોકલી આપવા અનુરોધ કરશો.

આ ઉજવણી ધ્વારા મળેલ નાણાંકીય ફંડનો ઉપયોગ વિકલાંગોના કલ્યાણ અને વિકાસ માટે કરવામાં આવે છે.

**હાલમાં સંસ્થા ધ્વારા ચાલતી પ્રવૃતિઓ :—**

૧) માનસિક બિમારી ધરાવતી વ્યકિતઓ માટેની સંકલિત સમુદાય પુનવર્સન યોજના.
૨) નેત્રહિન વિદ્યાર્થીઓ માટે ટોકીંગ બુક લાયબ્રેરી.
૩) બહુક્ષતિ ધરાવતા વિકલાંગો માટેની શાળા ભગવાન મહાવીર હોસ્પીટલ, સાંઢકુવા નવસારી ખાતે ચલાવવામાં આવે છે.
૪) નેત્રહીન વિધાર્થીઓ માટે સંકલિત શિક્ષણ યોજના.
૫) દર વર્ષે વિકલાંગો માટે તબીબી તથા સાધન સહાય શિબિરોનું આયોજન કરવામાં આવે છે.
૬) વિકલાંગો માટે જનજાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**નોંધ :— આપના ધ્વારા કાઢેલ પરિપત્રની નકલ સંસ્થાને મોકલાવવા વિનંતી.**

સહકારની અપેક્ષા સહ...

આપનો વિશ્વાસુ

A 32
2018

R/o circulate and collect the fund as Student and Deans and principals may collect

**દિપકકુમાર વી. રાવલ**
**માનદ સામાન્ય મંત્રી શ્રી,**
**રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા**

**મધુભાઈ શુ. કબીરીયા**
**પ્રમુખ શ્રી**
**રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા**

PSVC Inward No. ... Dt. 28/08/15

28 AUG 2015

31 AUG 2015

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ રજી નંબર એફ/૨૬૨/નવસારી.
ગુજરાત સોસાયટી એક્ટ/૪૬/નવસારી.

ફોન : (ઓ.) (૦૨૬૩૭) ૨૪૦૦૦૫ / ૨૫૦૦૨૫
મોબાઇલ : ૯૮૨૫૧ ૫૦૫૦૧
e-mail : nabnavsari@gmail.com

NAB
SERVE THE BLIND
TAMSO MA JYOTIRGAMAYA

# શ્રી રાષ્ટ્રીય અંધજન મંડળ

નવસારી જીલ્લા શાખા
એલ.જી.-૯, પેરેડાઇઝ ટાવર,
પૂજન સર્જીકલની બાજુમાં,
સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫.

all INDIA FLAG DAY for THE BLIND
2015
THE NATIONAL ASSOCIATION FOR THE BLIND
NAVSARI DIST. BRANCH

## વિનમ્ર અપીલ

પરમ આદરણીયશ્રી

**વિષય : અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી બાબત.**

સવિનય સાથ જણાવવાનું કે આગામી અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના દિનથી એક પખવાડિયા સુધી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નક્કી થયેલ છે. નવસારી જીલ્લામાં તા. ૨૬-૧-૨૦૦૩ના દિનથી રાષ્ટ્રીય અંધજન મંડળ (N.A.B.) નવસારી જીલ્લા શાખા કાર્યરત છે.

ભારત સરકારશ્રી તરફથી અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણીની સત્તા ફક્ત નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ (રાષ્ટ્રીય અંધજન મંડળ) ને આપવામાં આવેલી છે. આ રાષ્ટ્રીય સંસ્થા તેની રાજ્ય શાખાઓ અને જીલ્લા શાખાઓ મારફત સમગ્ર દેશમાં અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણીનું આયોજન કરે છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ નવસારી જીલ્લા શાખાને અંધજન ધ્વજદિનની ઉજવણીનું કાર્ય સોંપેલ હોવાથી આપશ્રીને ધ્વજ, પત્રિકા અને બિલ્લા મોકલીએ છીએ, તેનો સહર્ષ સ્વીકાર કરી આપશ્રીની સંસ્થામાં તા. ૧૪-૯-૨૦૧૫ના દિનથી એક પખવાડિયા સુધી અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણીનું કાર્ય કરશો. આ નિમિત્તે જે ફાળો એકત્ર થાય તે અમોને તા. ૧૫/૧૦/૨૦૧૫ સુધીમાં ઉપરોક્ત સરનામે ચેક/ડ્રાફ્ટ/મનીઓર્ડર કે રોકડા મોકલાવી આભારી કરશો અને અચૂક પહોંચ મેળવી લેશો.

અમારી ઉગતી સંસ્થા હોવાથી સંસ્થાના વિકાસ અને કલ્યાણ માટે આર્થિક મદદની તાતી જરૂરિયાત છે. અમો આશા રાખીએ છીએ કે આપશ્રી તરફથી શક્ય હોય તેટલો વધારે ફાળો એકત્ર કરી અને અન્ય લોકો પાસે કરાવી આપની સહાનુભૂતિ અને સંકલ્પના ના ઉચ્ચ ઉદ્દેશ સાથે વિકલાંગો અને પ્રજ્ઞાચક્ષુઓની જીંદગીને સુવાસિત બનાવવા આપના તરફથી યોગ્ય સહકાર મળી રહે તેવી અપેક્ષા સહ...

**હાલમાં સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની માહિતી :-**

(૧) માનસિક બીમારી ધરાવતી વ્યક્તિઓનો સંકલિત સમુદાય પુનર્વસન યોજના. (મેન્ટલ ઇલ પ્રોજેક્ટ)
(૨) દર વર્ષે વિનામૂલ્યે વિકલાંગો માટે તબીબી તથા સાધન સહાય શિબિરો કરવામાં આવે છે.
(૩) નેત્રહિન વિદ્યાર્થીઓ માટે ટોકીંગબુક લાયબ્રેરી ચલાવવામાં આવે છે.
(૪) બહુક્ષતી ધરાવતા વિકલાંગ બાળકોની શાળા શ્રી ભગવાન મહાવીર હોસ્પીટલ, સાંઢકુવા, નવસારી ખાતે ચલાવવામાં આવે છે.

**:: આપનો વિશ્વાસુ ::**

**શ્રી મધુભાઈ યુ. કથીરીયા - પ્રમુખશ્રી**

**દિપકકુમાર વી. રાવલ - મંત્રીશ્રી**

રાષ્ટ્રીય અંધજન મંડળ - નવસારી જીલ્લા શાખા, નવસારી.

**શ્રી અશોકભાઈ જી. ગજેરા - ફ્લેગ-ડે કન્વીનર**

**બોમી ટી. જાગીરદાર - ફ્લેગ-ડે કો-ઓર્ડીનેટર**
આચાર્યશ્રી- ધી. ડી. કે. ટાટા હાઈસ્કુલ - નવસારી.

**:: ખાસ નોંધ ::**

(૧) આપની શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીઓના નામ, જન્મતારીખ,ધોરણ, જી.આર. નંબર, સરનામું, વિકલાંગતાનો પ્રકાર અને પ્રમાણપત્રની નકલ સાથેની સંપૂર્ણ માહિતી અમારી સંસ્થાને મોકલી આપવા કૃપા કરશો. જેથી વિકલાંગ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી શૈક્ષણિક સહાય આપી શકાય. (ફક્ત શૈક્ષણિક સંસ્થાઓ માટે).
(૨) અપંગ વ્યક્તિઓ માટે સમાન તક અને અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી ધારો-૧૯૯૫ માટે જરૂરી માર્ગદર્શન અમારી સંસ્થા પાસેથી મળી રહેશે.
(૩) કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર તરફથી વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે યોગ્ય માર્ગદર્શન અને સહાય અમારી સંસ્થા પાસેથી મળી રહેશે.
(૪) આપના ધ્યાનમાં કોઈપણ વિકલાંગ બાળક/કે વ્યક્તિ આવે તો અમારી સંસ્થાનો સંપર્ક સાધશો.
(૫) અમારી સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ અને ગુજરાત સોસાયટી ધારા હેઠળ નોંધાયેલ છે.

**સંસ્થાને આપેલ દાનની રકમ 80 G-5 હેઠળ કરમુક્ત છે.**